ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૮૦ ટકા

# શહેરીજનોએ પોતપોતાના ઘરે શીતળામાંની પૂજા કરી

## આ વર્ષે કોરોનાને કારણે તહેવારોની તમામ વ્યવસ્થાઓને ભારે અસર : આઠમ પણ ઘરમાં જ પૂજા કરી પરિવારજનો સાથે મનાવાશે

ગાંધીનગર, તા.૧૦

જન્માષ્ટમીને હવે એક જ દિવસની વાર છે ત્યારે શીતળા સાતમના પર્વનું પણ નગરજનો માટે એટલું જ મહત્વ રહેલું છે. શીતળા માતાની પૂજા કરવી તથા વ્રત કરવું તેની પાછળનું કારણ બાળકનું સ્વાસ્થ્ય સારું અને રોગમુક્ત રહે તે છે. એવું પણ મનાય છે કે, શીતળા સાતમનું વ્રત કરવાથી સંતાનની પ્રાપ્તિ થાય છે. રાંધણ છઠ્ઠના દિવસે રાંધેલું તમામ ધાન સાતમના દિવસે ઠંડુ જ ખવાય છે કારણકે સાતમના દિવસે ચૂલો ઠારી દીધેલો હોય છે. સવારે વહેલા ઊઠી ઠંડા પાણીએ નાહી ને શીતળા માને ખાસ ટોપરુ અને કુલેર ધરી ઠંડું દૂધ ચોખા કંકુ ગુલાલ સાથે નગરની બહેનો દર વર્ષે શીતળા માની પૂજા કરે છે. આ વર્ષે પણ અમુક મંદિરોમાં શીતળા માતાની પૂજા થઈ હતી. પરંતુ કોરોનાને કારણે મોટાભાગના નગરજનોએ પોતપોતાના ઘરે જ શીતળામાંની પૂજન વિધિ કરી હતી. આમ તો સાતમ-આઠમનો મેળો નગરમાં દર વર્ષે ભરાય છે. પરંતુ આ વર્ષે કોરોનાને કારણે તહેવારોની તમામ વ્યવસ્થાઓને ભારે અસર પડી છે. આ વર્ષે તો ઘરની બહાર નીકળવું પણ તમામને મુશ્કેલ લાગી રહ્યું છે.

નગરમાં ખાસ કોરોનાની બાબતને ધ્યાનમાં લઈને નગરજનોએ ઘરની બહાર નીકળીને પોતપોતાના ઘરે જ રહીને તહેવાર મનાવવાનું નક્કી કર્યું છે દરેકે પોતપોતાના ઘરે પરિવારજનો સાથે ઈન્ડોર ગેમ્સ રમીને સાથે ટીવી અથવા તો ફિલ્મ જોઈને દિવસ પસાર કર્યો હતો આ ઉપરાંત સાતમના દિવસે જેમ દરેક બહેનો ભેગી થતી અને બગીચામાં જઈને બાળકોને રમાડતા સાથે એકટાણું કરતી અથવા તો સાંજના બાળકોને તહેવાર નિમિત્તે બહાર લઈ જતી તેને બદલે આ વર્ષે તમામ આડોશપાડોશની બહેનોએ એકબીજાના ઘરે જ પોતે બનાવેલું જમણ આપીને વિડીયો કોલના માધ્યમથી વાતો કરીને એકટાણું કરી બાળકોને પણ વિડીયો કોલના માધ્યમથી જ વિવિધ ગેમ રમાડી હતી. શાળાઓમાં પણ ઓનલાઈન શિક્ષણ શરૂ થઈ ગયું છે ત્યારે લગભગ તમામ શાળાઓમાં નોમ સુધી ક્લાસીસ રાખવામાં આવ્યા નથી. જેના કારણે બાળકોને પણ ઘરમાં ને ઘરમાં ગમતું ન હોવાથી નગરના વાલીઓ અને બાળકો માટે વિસરાઈ ગયેલી ઈન્ડોર ગેમ્સ ઉપરાંત અમદાવાદ બાજી, કોડી, વેપાર, ઉનો જેવી વિવિધ ગેમ્સ રમાડીને બાળકોનો સમય પસાર કરાવવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત ઓનલાઈન જન્માષ્ટમી સેલિબ્રેશનમાં ભાગ લેવા માટે પણ બાળકો પરફોર્મન્સ આપવાની તૈયારી કરી રહ્યા છે. આ ઉપરાંત બાળકો પણ દરેક ટ્રેડિશનને કઈ રીતે મનાવવા કે ભગવાનની પૂજા-અર્ચના કરવા બાબતે માતા-પિતાને પ્રશ્નો પૂછી રહ્યા છે ઉપરાંત ઘરમાં જ પૂજા થતી હોવાથી દરેક પૂજા અર્ચનામાં ભાગ પણ લઈ રહ્યા છે. નગરના મોટાભાગના રહેવાસીઓ જે તહેવાર આવતા જ નાની મોટી ટ્રીપ કરવામાં માનતા હતા તેઓ પણ આ વર્ષે કોરોનાને કારણે પોતપોતાના ઘરે જઈને અથવા તો પોતાના ઘર અથવા ફ્લેટના ધાબા ઉપર જઈને વરસાદી નઝારો માણીને તહેવાર પસાર કરશે તેમ જણાવી રહ્યા છે. આમ જોઈએ તો દર્શનનો જે સાંસ્કૃતિક નિયમ છે કે મંદિરે જઈને જ ભગવાનની પૂજા કરવી અને વ્રત જપ કરવા તે હવે ધીમે ધીમે વિસરાઈ જતો જણાઈ રહ્યો છે. કોરોનાને કારણે દરેક સારા માઠા પ્રસંગો ઘરઘરાઉ જ પૂર્ણ થઈ રહ્યા છે.





### ટાઢી સાતમ માટે પરંપરાગત વાનગી

**નગરના અગ્રણી મહિલા તેમજ નિવૃત્ત અંડર સેક્રટરી જ્યોત્સના અરૂણ બુચ આ બદલાયેલા સમય અને રીતિ રિવાજોરને અનુસંદર્ભે જણાવે છે કે, બોળ ચોથ થી લઈને સાતમ સુધીના તમામ તહેવારો હાલ પૂર્ણ લીધે દરેકે ઘરે જ રહીને મનાવ્યા છે. પોતાના ઘર-પરિવાર સાથે પરંપરાગત રીતે જમવાનું બનાવવું એક સાથે મળીને આરોગવું તે એક આનંદની વાત છે. પરંપરાગત રીતે તહેવારો દ્વારા તેના લીધે હું તો ખુશ છું. આ તમામ તહેવારો ઉજવવા પાછળ પણ ધર્મ અને વિજ્ઞાન કામ કરે છે. આ વર્ષે અમે પણ મંદિરે નથી ગયા ઘરે જ પૂજા કરી છે. પરંતુ વિસરાઈ ગયેલી અને નવી નવી વાનગીઓ જેવી કે, અગમાગિયું (ચોખા, બાજરી અને મગ ની વાનગી), ચણાના લોટનો ઘસિયો, મોતીયા લાડુ, દુધિયો બાજરો, ઘઉંના લોટના ગળ્યા થેપલા તેમજ કાકડી અને બુંદીનું રાયતું બનાવ્યું આમ તો સમય ના મળે પરંતુ કોરોના કાળમાં આ તમામ વાનગીઓ બનાવવાની મજા આવી કારણકે ઘરના તમામ સભ્યો એક સાથે રહી મદદરૂપ રહ્યા. મંદિરમાં કોરોનાને કારણે હાલ જઈ નથી શકાતું પરંતુ સમય પરિવર્તનશીલ છે. આ વખતના સમય-સંજોગ આવા હતા તો શું થઈ ગયું બધા ઘરે એક સાથે રહ્યા તેનો આનંદ આહલાદક છે.**

## સે-૨૪ ભરચક વિસ્તારમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં વાહનચોર સક્રિય થયા હોય તેમ લાગી રહ્યું છે. નગરમાં વાહનચોરીના કિસ્સામાં રોજ બરોજ વધી રહ્યા છે. ત્યારે શહેરના સેકટર-૨૪ ખાતે ભરચક વિસ્તારમાંથી સાંજના સુમારે હીરો પેશન પ્રો બાઈક ચોરી થવા પામી છે. ત્યારે બાઈક ચોરીની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ પણ થઈ છે. ત્યારે બાઈક ચોરી અંગે યુવકે સેકટર-૨૧ પોલીસ મથકે અરજી આપી છે.



મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૪ ડબલ ડેકર ખાતે રહેતા આશિષ મહેન્દ્રભાઈ જોશી પોતાના પરિવાર સાથે રહે છે અને શ્રીનગર ખાતે શિવ મોબાઈલ એસેસરીઝની દુકાન ધરાવે છે. યુવક પોતાના આવન જાવન માટે પેશન પ્રો બાઈક નં. જી.જે.૧૮.સી.એમ.-૬૬૫૬ નો ઉપયોગ કરતા હતા. ગત તા.૭ ઓગસ્ટના રોજ યુવક પોતાની દુકાન પર હતો અને બાઈક નીચે પાર્ક કર્યું હતું. ત્યારે સાંજના ૪.૩૫ વાગ્યાના અરસામાં કોઈ ચોર ઈસમ બાઈકની ઉઠાંતરી કરી ગાયબ થઈ ગયો છે. શહેરમાં પોલીસના સતત પેટ્રોલીંગ વચ્ચે પણ વાહનચોર પોતાની કળા કરી જાય છે તે વાત નવાઈ પમાડે છે.



ગાંધીનગરમાં શનિ-રવિ દરમિયાન સારી એવી મેઘકૃપા વરસી છે અને સોમવારે સવારે પણ વરસાદી માહોલ છવાયેલો રહ્યો હતો. એક તરફ કોરોના મહામારીનો પ્રકોપ હજુ યથાવત છે ત્યારે વરસાદી ઋતુમાં વહેલી સવારે દૂધ લેવા પહોંચેલા નાગરિકો વરસાદથી બચવા છત્રી અને કોરોનાથી બચવા ‘દો ગજ કી દૂરી’નું પાલન કરી રહ્યા છે.

## સે-૨૧માં શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે નંદ મહોત્સવ નહીં ઉજવાય

ગાંધીનગર, તા.૧૦

કોરોના મહામારીમાં એક પછી એક તહેવારોની ઉજવણીમાં પરિવર્તન આવતા જાય છે. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર મેળા-ઉત્સવો-પદયાત્રા વગેરે પર પ્રતિબંધ લાદયો છે. આ સ્થિતિમાં ગાંધીનગરના સેકટર-૨૧ ખાતેની શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે આ વર્ષે જન્માષ્ટમીના ઉત્સવમાં નંદ મહોત્સવની ઉજવણી રદ કરવામાં આવી છે. જો કે હવેલી મંદિર ખાતે જન્માષ્ટમી તેમજ પલનાના દર્શનનો સમય જાહેર કરવામાં આવ્યો છે જે અનુસાર તા. ૧૨મી ઓગષ્ટ જન્માષ્ટમીના દિવસે મંગળા દર્શન ભીતરમાં યોજાશે તે પછી સવારે ૬.૩૦ થી ૭ વાગ્યા દરમિયાન પંચામૃત દર્શન, ૧૦.૩૦થી ૧૧ દરમિયાન શ્રૃંગાર દર્શન અને તિલક યોજાશે. આ પછી રાજભોગ દર્શન, ઉત્થાપન સંધ્યા આરતી ભીતરમાં યોજાશે અને સાંજે ૮ થી ૮.૩૦ દરમિયાન શયન દર્શન યોજાશે. જયારે જાગરણ તથા જન્મના દર્શન પણ ભીતરમાં યોજાશે. તા. ૧૩મી ઓગસ્ટના રોજ પલનાના દર્શન સવારે ૯ થી ૯.૩૦ કલાકે યોજાશે જયારે મંગળા, શ્રૃંગાર અને રાજભોગના દર્શન ભીતરમાં યોજાયા બાદ શયન દર્શન સાંજે ૬.૩૦ થી ૭ કલાક દરમિયાન યોજાશે.

## ગાંધીનગરના ઉદ્યોગભવનના વીઆઈપી પાર્કિંગમાંથી સ્કોર્પિયો ગાડીની ચોરી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના મધ્યમાં આવેલા ઉદ્યોગભવનના બ્લોક નં.૧ વીઆઈપી પાર્કીંગની સામે આવેલા પાર્કીંગમાંથી ભુસ્તર વિજ્ઞાન ખનીજ કચેરીની સ્કોર્પિયો કાર ચોરી થવા પામી છે. ત્યારે ભુસ્તર વિજ્ઞાન ખનીજ કચેરીના ઈન્ચાર્જ વહીવટી અધિકારીએ ગાડી ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ અમદાવાદ ખાતે રહેતા પ્રતિક પ્રમોદ શાહ ઉદ્યોગ ભવન કચેરી ખાતે ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરી ખાતે વહીવટી ઈન્ચાર્જ અધિકારી તરીકે ફરજ બજાવુ છું.જયારે અમારા વિભાગ પાસે ગુજરાત મિનરલ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટીની માલિકીની વ્હાઈટ કલરની સ્કોર્પિયો ગાડી નં.જી.જે.૧૮.જી.બી.-૦૧૯૫ હતી. આ ગાડીનો ઉપયોગ અધિક નિયામક અપીલ અને ફલાઈંગ સ્કવોડ, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ દ્વારા સરકારી કામકાજ અર્થે કરવામાં આવતો હતો. આ ગાડી ડ્રાઈવરે તા.૭ ના રોજ સાંજના સુમારે વીઆઈપી પાર્કિંગની સામેની બાજુએ આવેલા પાર્કીંગમાં પાર્ક કરી હતી. ત્યારબાદ સોમવારના રોજ સવારે ડ્રાઈવર નોકરી પર આવ્યો ત્યારે તેને જોયુ કે ગાડી પાર્ક કરેલી જગ્યા પર ન હતી. જેને પગલે ડ્રાઈવરે ઉદ્યોગ ભવનના સમગ્ર કંમ્પાઉન્ડમાં ગાડી અંગે તપાસ હાથ ધરી હતી, પરંતુ ગાડી મળી આવી ન હતી. જેથી તાત્કાલીક ડ્રાઈવરે અધિકારી પ્રતિકભાઈને જાણ કરી હતી. બનાવ અંગે વિભાગના અધિકારીએ સેકટર-૭ પોલીસ મથકે રૂ.૭ લાખની સ્કોર્પિયો ગાડી ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

## પેથાપુર જોગણી માતાના મંદિર પાસેથી ૪ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામે જોગણી માતાના મંદિર નજીક ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ચાર શકુનીઓ પોલીસના હાથે ઝડપાયા છે. પેથાપુર પોલીસે પકડેલા જુગારીઓમાં જયેશ દિનેશ વણકર, કિરીટ કેશાભાઈ વણકર, નરેશ રામજી રાવળ બળીયાદેવ મંદિર પાસે પેથાપુર, કમલેશ ભુપતભાઈ રાવળ પેથાપુર આંટામાં નો સમાવેશ થાય છે. પોલીસે દાવ પરથી રૂ.૪૮૦ તેમજ અંગજડતી દરમિયાન રૂ.૩૮૧૦ તેમજ રૂ.૫૫૦૦ની કિંમતના બે મોબાઈલ મળી કુલ રૂ. ૯,૭૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.




લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા કોરોના વોરિયર્સને વંદન સાથે ફુડ ફોર હંગર કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરના તમામ સફાઈ કર્મીઓને સેક્ટર-૮ સ્થિત સરકારી સ્કૂલ ખાતે કુલ ૫૦૦ જેટલી અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનર રતન કુંવરબેન ગઢવી, લાયન્સ ક્લબ ડીસ્ટ્રિક્ટ ૩૨૩ બીના ગવર્નર નરેન્દ્રભાઈ પટેલ, ઝોન ચેરમેન રાજ ગૌડા, લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાના પ્રેસિડન્ટ મમતાબેન રાવલ સાથે સંસ્થાના તમામ સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પૂજન ડાન્સ એકેડેમી દ્વારા ઓનલાઈન જન્માષ્ટમી ઉજવાશે

ગાંધીનગર, તા.૧૦

દર વર્ષની જેમ આ વર્ષે પણ પૂજન ડાન્સ એકેડેમી અને લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ઓનલાઈન જન્માષ્ટમીની ઉજવણી તારીખ ૧૨ ઓગસ્ટ રાત્રે ૮:૩૦ યુ ટ્યુબ પર લાઈવ યોજાનાર છે. કોરોના કાળમાં બાળકોને સારા સંસ્કાર મળે અને બાળકો આપણી સંસ્કૃતિ સાથે જોડાયેલા રહે તે ઉદ્દેશ્યથી પૂજન ડાન્સ એકેડેમીના પ્રજ્ઞા બેન ગજ્જર દ્વારા અલગ અલગ પ્રવૃત્તિઓ કરીને બાળકોના ઉત્સાહમાં વધારો કરવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક કલાકારોએ પોતાના ઘરેથી જ તેમની કૃતિઓ તૈયાર કરી છે. કાર્યક્રમમાં કુલ વીસ જેટલા કલાકારો ભાગ લેવાના છે. આ તમામ કલાકારોને પ્રોત્સાહન આપવા માટે ગાંધીનગરના તમામ નગરજનોને તેમની યુ ટ્યુબ ચેનલ પૂજન ડાન્સ એન્ડ ફિટનેસ સ્ટુડિયો પર જોડાવવા પ્રજ્ઞાબેન ગજ્જર દ્વારા જણાવાયું છે.

## સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અંતર્ગત ગાંધીનગર જિલ્લાની વિવિધ શાળાઓમાં ડિઝીટલ માધ્યમથી દેશ ભક્તિગીત સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૦

૭૪મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અંતર્ગત ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં વિવિધ સ્પર્ધઓનું આયોજન ઓનલાઈન–ડિઝિટલ માધ્યમથી કરવામાં આવી રહ્યું છે. જેમાં તા. ૧૫મી ઓગષ્ટના રોજ દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં ૭૪ મા સ્વાતંત્ર્ય પર્વની રાજય કક્ષાની ઉજવણી ગાંધીનગર ખાતે થનાર છે. આ ઉજવણી દરમ્યાન કોરોના વાયરસનું સંક્રમણ ન થાય તે માટેની ખાસ તકેદારી રાખવામાં આવી છે. બાળકોમાં રાષ્ટ્રીય ભાવના ઉજાગર કરવા અને દેશ પ્રત્યેની પોતાની ફરજ, નિષ્ઠા અને કર્તવ્યની ભાવનાને વધુ ઉજાગર કરવાના ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ રહી છે. જેમાં ગાંધીનગર જિલ્લાની વિવિધ શાળાઓમાં તા. ૭મી ઓગષ્ટના રોજ ‘વિવિધતામાં એક્તા’ ભારતની આગવી ઓળખ વિષય પર નિબંધ સ્પર્ધા ઓનલાઈન યોજવામાં આવી હતી. તા. ૧૦મી ઓગષ્ટના રોજ ‘દેશ પ્રત્યે આપણું કર્તવ્ય’ (રાષ્ટ્રધર્મ) વિષય પર ઓનલાઈન વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. આગામી તા. ૧૫ મી ઓગષ્ટના રોજ ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં ઓનલાઈન – ડિજિટલ માધ્યમ થકી દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે. આ તમામ સ્પર્ધાઓમાં શાળા કક્ષા ભાગ લીધેલા વિધાર્થીઓને પ્રથમ ત્રણ નંબર આપવામાં આવ્યા છે. પ્રથમ આવનાર વિધાર્થીને શાળા કક્ષાએથી પ્રોત્સાહિત કરવામાં આવશે.



આધુનિક યુગમાં જો કોઈ ‘ઋષિ’નું બિરુદ આપવું હોય તો તે માત્ર વૃક્ષને જ આપી શકાય કેમ કે માનવી સતત વૃક્ષો કાપતો જાય છે છતાં વૃક્ષો ઋષિતુલ્ય ગાંભીર્ય સાથે માનવજાત પર ઉપકાર કરે જાય છે. આ બાબત અનેક નાગરિકો સમજી ગયાં છે અને જેને અનુલક્ષીને જાગૃત પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા ચોમાસાની ઋતુમાં વૃક્ષારોપણ કરીને વૃક્ષોની સંખ્યા વધારવા પ્રયાસ કરવામાં આવે છે. શહેરના જય ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા હાથ ધરાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં યુવા સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ છોડવાંઓનું વાવેતર કર્યુ હતું.

## શહેરની પરિણિતાએ વડોદરાના સાસરીયાઓ સામે શારીરીક-માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવી

### લગ્નના માત્ર એક માસમાં જ દહેજની માંગણી કરીને મારઝુડ કરીને ઘરમાંથી હાંકી કાઢી

ગાંધીનગર, તા.૧૦

શહેરની એક પરિણિતાએ પતિ, સાસુ-સસરા, દિયર-દેરાણી સામે ગંભીર આક્ષેપ કરતી ફરીયાદ સેકટર-૧૬ મહિલા પોલીસ મથકે નોંધાવી છે. શહેરની ૪૩ પરિણિતાએ વર્ષ-૨૦૨૦ ફેબ્રુઆરી માસમાં તેણીના લગ્ન વડોદરા અલ્કાપુરી ખાતે રહેતા યુવક સાથે થયા હતા. કોર્ટ મેરેજ બાદ પરિણિતા વડોદરા ખાતે સાસરીમાં રહેવા માટે ગઈ હતી. સાસરી પક્ષમાં બે દિવસ બધુ બરોબર ચાલ્યું હતું. ત્યારબાદ મળતી વિગત મુજબ સાસરી પક્ષમાંથી સાસુ-સસરા, દિયર-દેરાણી દહેજ માટે મેણા ટોણા મારીને માનસિક શારીરીક ત્રાસ આપતા હતા. સાસરીપક્ષના સભ્યોએ પતિની ચઢામણી કરતા પતિએ પણ દહેજમાં કંઈ લાવી નથી કંઈ ને રૂ.૨ લાખની માંગણી કરી ને ગડદાપાટુનો માર માર્યો હતો. મહિલાના આક્ષેપ મુજબ તે ઘરે એકલી હોય ત્યારે સાસુ સસરાને શારીરીક અડપલા કરવાનું કહેતા હતા. જયારે પરિણિતાના સસરા મારા દિકરા સાથે શારીરીક સંબંધો રાખીશ તો તારા શરીરમાં રહેલુ ભુત તેના શરીરમાં ઘુસી જશે, તેવુ કહીને ખોટો વ્હેમ રાખીને માનસિક ત્રાસ આપી અપમાનિત કરતા હતા.

વડોદરાના સાસરીપક્ષના સભ્યોએ લગ્નના માત્ર એક માસમાં જ દહેજની માંગણી કરીને મારઝુડ કરીને તેણીને ધક્કા મારીને ઘરમાંથી હાંકી કાઢી હતી તેમ ફરીયાદીએ આક્ષેપ કર્યો છે. સમાધાનની રાહ જોઈને આખરે મહિલાએ પતિ, સાસુ-સસરા, દિયર-દેરાણી સામે દહેજની માંગણી, શારીરીક માનસિક ત્રાસ, અને મોતની ધમકી અંગે મહિલા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પાણી પુરવઠા બોર્ડની અર્બન શાખાના મુખ્ય ઈજનેર કોરોનાની ઝપટમાં

### મુખ્ય ઈજનેર સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ સ્ટાફને કોરોન્ટાઈન કરતા બ્રાન્ચનું કામકાજ ઠપ્પ

ગાંધીનગર, તા.૧૦

કોરોના વાયરસે ગાંધીનગર શહેરને પણ ભરડો લીધો છે જેના કારણે વિવિધ સરકારી કચેરીઓમાં પણ તેની અસરો જોવા મળી રહી છે. અનેક સરકારી, અર્ધસરકારી કાર્યાલયોમાં કેટલાંક સરકારી અધિકારીઓ-કર્મચારીઓ કોરોનાની ઝપટમાં આવી જતાં તેમને આઈસોલેટ કરવા સાથે તેમની નજીકના સ્ટાફને પણ કોરોન્ટાઈન કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં ગુજરાત પાણી પુરવઠા બોર્ડની શહેરી શાખાના મુખ્ય ઈજનેરને પણ કોરોના પોઝિટીવ આવતાં હાલ આ શાખાનું કામકાજ ઠપ્પ થઈ જવા પામ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગરના સેકટર-૧૦માં ગુજરાત પાણી પુરવઠા બોર્ડની કચેરી ખાતે અર્બન બ્રાન્ચમાં મુખ્ય ઈજનેરને કોરોના વાયરસ સંક્રમણ લાગ્યું છે અને તેમનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેઓ ખાનગી કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થઈ ગયા છે. બીજી તરફ તેમની સાથે સહ કર્મચારીઓને કોવિડ-૧૦ની ગાઈડલાઈન મુજબ હોમ કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે જેના કારણે મર્યાદિત સ્ટાફ ધરાવતી આ બ્રાન્ચનું અત્યારે કામકાજ અટકી પડયું છે. આ સાથે કચેરીને સેનેટાઈઝ કરવાના પગલાં પણ લેવામાં આવ્યા હતા.

### ચિરવિદાય

- સ્વ. ગણપતભાઈ બાલાભાઈ, ઉ.વ. ૬૮, ગામ-ભાનેર, જી. ખેડા
- સ્વ. પોપટજી જુહાજી ઠાકોર, ઉ.વ. ૪૯, બોરીજ, ગાંધીનગર
- સ્વ. સમદીબેન કેશાજી ઠાકોર, ઉ.વ. ૭૫, બોરીજ, ગાંધીનગર
- સ્વ. પટેલ લાલજીભાઈ ત્રિકમદાસ, ઉ.વ. ૬૭, મુ. કેરાણી, તા. ચાણસ્મા
- સ્વ. શ્રીમાળી જીતેન્દ્રભાઈ નટવરલાલ, ઉ.વ. ૪૨, મુ. વાવોલ, ગાંધીનગર
- સ્વ. ચંદ્રેશકુમાર પુરસોત્તમભાઈ દરજી, ઉ.વ. ૬૨, નવાગામ, અંકલેશ્વર
- સ્વ. એન. રાજમણીક્કમ, ઉ.વ. ૫૮, સે-૨૫, ગાંધીનગર